ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૭ ટકા

# ગ-૨ સુરભી કોમ્પ્લક્ષની ચાર દુકાનના તાળા તુટ્યા






ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો બેફામ બની ગયા છે. તસ્કરો રાત્રીના સમયે રહેણાંક કે દુકાનોને ટાર્ગેટ બનાવી ચોરી કરી પલાયન થઈ જાય છે. પોલીસના રાત્રી પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર કળા કરી જાય છે. સેકટર-૩ માં બંધ મકાનને ટાર્ગેટ કરી લાખો રૂપીયાની ચોરી કરી છે. ત્યારે શહેરના ભરચક ગણાતા ગ-૨ વિસ્તારની ચાર દુકાનોના તાળા તોડી તસ્કરોએ દુકાનના કેશ કાઉન્ટરમાં રહેલા રૂપીયાની ચોરી કરી છે. એક સાથે ચાર દુકાનના તાળા તુટતા વેપારીઓમાં ભયનો માહોલ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૬ બી ગ-૨ કોર્નર પાસે આવેલા સુરક્ષી કોમ્પ્લેક્ષમાં આવેલ શિવ ફોટો સ્ટુડીયો, અર્બન એન્જીનિયર, સાયોનો ઈલેક્ટ્રીકલ અને ઉમીયા ટ્રેડર્સના તાળા તુટ્યા છે. ઉપરના માળે બે દુકાન અને નીચે ભોંયરામાં બે દુકાનના તાળા તુટતા વેપારીઓમાં ભય ફેલાયો છે. શિવ ફોટો સ્ટુડીયોની બાજુમાં આવેલ ઝેરોક્ષની દુકાન ધરાવતા વેપારી સવારના ૮ વાગ્યાના અરસામાં આવીને જોયું તો શીવ ફોટો સ્ટુડીયોની દુકાન ખુલ્લી જોતા તેઓએ માલિકને ફોન કર્યો હતો. જેથી શિવ સ્ટુડીયોના માલિકે આવીને જોયું તો પોતાની દુકાનનું તાળુ તેમજ ભીત તોડી ચોર ઈસમો અંદર પ્રવેશ્યા હતા. જયારે તેમને આસપાસ પણ તપાસ કરી તો બાજુમાં આવેલી દુકાન અને નીચે બે દુકાનના પણ તાળા તુટેલા હતા. જેથી અન્ય વેપારીઓને પણ જાણ થતા તેઓ તાત્કાલીક દુકાને પહોચ્યા હતા. વેપારીઓએ જોયું તો પોતાની દુકાનોમાં સામાન વેર વિખેર પડેલો હતો. પરંતુ અંદરથી ખાસ કંઈ ચોરી થવા પામી ન હતી. ચારેય દુકાનમાં કેશ કાઉન્ટરમાં રહેલી રોકડ રૂપીયાની ઉઠાંતરી થવા પામી છે. જમાં શિવ સ્ટુડીયોમાં થી રૂ.૩ હજારથી વધુની મતાની ચોરી થઈ છે. જયારે અન્ય દુકાનમાંથી પણ કેશ કાઉન્ટરમાં રહેલા રૂપીયા લઈ ગયા છે. પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ કરી હતી. સાંજ સુધી કોઈ ફરીયાદ નોંધાઈ નથી. પોલીસે જરુરી જાણવા જોગ નોંધ કરી તપાસ શરુ કરી હોવાનું કહેવાય છે.



જલારામ મહિલા મંડળ સે-૨૯ની બહેનો દ્વારા કૈલાશધામ વૃધ્ધાશ્રમ ખાતે બિસ્કિટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ભાઈજીપુરા પાટીયા પાસે કાર-ટ્રક વચ્ચે અકસ્માત : બે ના મૃત્યુ ત્રણ ઘાયલ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા ભાઈજીપુરા પાટીયા પાસે શનિવારની વહેલી સવારે સ્વીફટ કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે વિદ્યાર્થીનીઓના ઘટના સ્થળે મૃત્યુ નિપજયા હતા, જયારે ત્રણ યુવકોને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સિવિલ કેમ્પસમાં આવેલી સી.એમ.પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા અને અહીં જ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા ઉર્વશી વિનુભાઈ પરમાર (ઉં.વ.૨૦ રાધનપુર), સમતા અનિરૂદ્ધભાઈ સુથાર (ઉં.વ.૨૦ નવાગામ હિંમતનગર), રાજન રાવત (અમદાવાદ) પોતાના અન્ય બે મિત્રો ભવ્ય પ્રકાશ શાહ (રહે. એપ-૩૮ અશોક વિહાર ફ્લેટ મોટેરા) અને અક્ષય પ્રવિણભાઈ રાવત સહિતના મિત્રો રાત્રીના સમયે ફરવા માટે નીકળ્યા હતા. ત્યારબાદ વહેલી પરોઢે તેઓ કોબા તરફથી પરત આવી રહ્યા હતા ત્યારે ભાઈજીપુરા પાટીયા પાસે આગળ જઈ રહેલા આઈવા ટ્રકને ઓવરટેક કરવા જતા સ્વીફટ કાર નં. જી.જે.૦૧.એચ.એસ.-૮૮ ડિવાઈડર સાથે ટકરાતા રોડની નીચે ઉતરી જઈને ઝાડમાં ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ઉર્વશી અને સમતાના ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયા હતા. જયારે કાર હંકારી રહેલ અક્ષય, રાજન અને ભવ્યને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા અક્ષય અને રાજનને મોડી સાંજ સુધી ભાન આવ્યું ન હતું. જયારે અકસ્માતમાં ઘાયલ અક્ષયને પાંસળીના ભાગે ફ્રેકચર અને રાજનને કોણીના ભાગે ફ્રેકચર થયું છે અને ભવ્યને શરીરમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. જયારે પ્રાથમિક માહિતી અનુસાર આ મિત્રો અગોરા મોલ તરફ નાસ્તો કરવા માટે નીકળ્યા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# જૈન સોશ્યલ ગૃપ દ્વારા સે-૮ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ અને કોમ્પ્યુટર વિતરણ

## વૃક્ષોની માવજત કરવા માટે શાળાનાં વિદ્યાર્થીને પ્રોત્સાહીત કરાયા




ગાંધીનગર, તા.૨૦

સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર એવી જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા તા.૨૦/૦૮/૨૦૧૯ના રોજ સેકટર-૮ સરકારી પ્રાથમિક શાળા ગાંધીનગરમાં વૃક્ષારોપણ તથા ગરીબ બાળકો માટે શાળામાં કોમ્પ્યુટર વિતરણનો કાર્યક્રમ ગાંધીનગરનાં મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર જીલ્લાનાં શિક્ષણ શાસનાધિકારી કિરણબેન પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, દેશભક્તિનાં ગીત વિગેરેનો કાર્યક્રમ બાદ શાળાનાં આચાર્યશ્રી જાની દ્વારા આવેલ મહાનુભાવોનું સ્વાગત અને બુકેથી અભિવાદન કરવામાં આવેલ હતું. જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરનાં પ્રમુખ મધુસુદન વોરા દ્વારા આજના સમયમાં પર્યાવરણ માટે વૃક્ષોની જરૂર તેમજ કોમ્પ્યુટર જ્ઞાનની અગત્યતા સમજાવી હતી. માન.મેયર રીટાબેન પટેલ દ્વારા આ વૃક્ષારોપણ કરેલ વૃક્ષોની માવજત કરવા માટે શાળાનાં વિદ્યાર્થીને પ્રોત્સાહીત કરેલ હતાં. તેમજ શાસનધિકારી કિરણબેન પટેલ દ્વારા વૃક્ષોની કાળજી કેટલી મહત્વની છે તે બાબતે શાળાનાં વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. દરેક વિદ્યાર્થી આ છોડની જાળવણી કરશે તેવાં શપથ લેવડાવવામાં આવેલ હતાં. શાળાના ગરીબ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે હેતુ થી જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા તેમના સભ્ય બિપિનભાઈ શાહનાં મુખ્ય અનુદાનથી પહેલ કરી એક નવું ડેસ્ક ટોપ કોમ્પ્યુટર શાળાને આપી એક અનુકરણીય ઉદાહરણ પૂરૂ પાડયું હતું.

શાળાનાં પ્રાગણમાં ૧૫૦ થી પણ વધુ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણ ક્ષેત્રે ખૂબજ સરાહનીય કાર્યવાહી જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર અને સરકારી પ્રાથમિક શાળા સેકટર-૮ દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જૈન સોશ્યલ ગૃપનાં પૂર્વ પ્રમુખ હિતેષભાઈ કોઠારી, આર.ડી.ગાંધી, કૌશિકભાઈ શાહ તથા કેતનભાઈ દેવાણી-વાઈસ પ્રેસીડેન્ટ, ભરતભાઈ કોટડીયા – સેક્રેટરી , હેમાંગભાઈ ગાંધી - ટ્રેઝરર તથા કારોબારી સભ્યો અનિલ જૈન, કમલેશ શાહ, હેમંત દેસાઈ, રીતેષ શાહ, અને.પી.મહેતા, પ્રશાંત મહેતા, નીતીન સંઘવી, નિલેશ શાહ તથા મહીલા પ્રતિનિધી વિણાબેન વોરા, જાગૃતિબેન લાખાણી, દિપીકાબેન કોટડીયા, દક્ષાબેન બી.શાહ, જ્યોતિબેન દેવાણી, છાયાબેન શાહ, ધર્મિષ્ઠાબેન શાહ, નેહલ ટોલીયા, હર્ષીદાબેન સંઘવી, જ્યોતિબેન શાહ તથા અન્ય સભ્યો દ્વારા ખૂબ જ મહેનત કરી સફળ આયોજન કરેલ હતું. જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર તરફથી શાળાનાં તમામ બાળકોને મીઠાઈ તથા નમકીનનાં પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની શિક્ષિકા બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચૌધરી કોમર્સ કોલેજમાં નાણાંકીય સાક્ષરતા અંગેનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર એજયુકેશન હબ બની રહ્યું છે તેમજ બધી સરકારી અને ખાનગી સંસ્થાઓ શહેરમાં કાર્યરત છે એવા ગાંધીનગરની સાક્ષરતા કેટલી હશે તે દિશામાં જીજ્ઞાસા ધરાવતા ચૌધરી કોમર્સ કોલેજના પ્રો. દિશા પોપટ જે એકાઉન્ટ એન્ડ મેનેજમેન્ટના અધ્યક્ષ પણ છે તેમના દ્વારા એનસીએફએફ, મુંબઈ નેશનલ સેનેટ ફોર ફાઈનાન્સીયલ એજયુકેશનનો સંપર્ક કરીને કોલેજની વિદ્યાર્થીનીઓની નાણાંકીય સાક્ષરતા વધારવાનું બીડું ઝડપીને વિદ્યાર્થીનીઓ માટે તાલીમનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થામાંથી આવેલ સી.એન. પટેલ દ્વારા ૬ મુખ્ય વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં થેફટ પ્રોટેકશન, ક્રેડિટ કાર્ડનો ઉપયોગ, લોનના નિયમો બિનજરુરી ખરીદી, કેશલેસ વ્યવહારો જેવા વિષયો બાબતે ચર્ચા કરવામાં આવી હતી. કુલ ૧૧૧ વિદ્યાર્થીનીઓએ આ વિષયો પર તાલીમ લીધી હતી.



એસવાયબીકોમમાં ભણતી નિકિતા ભટોળાએ જણાવ્યું હતું કે એનસીએફએફ દ્વારા સેમિનાર યોજાયો તેનાથી સાયબર ક્રાઈમથી કઈ રીતે બચવું તેની મને આજે વધુ જાણ થઈ હતી. ક્ષમા શાહ જે ટીવાયબીકોમમાં અભ્યાસ કરે છે તેણીએ જણાવ્યું હતું કે નવા બચતના માર્ગો ઈ-બેન્કીંગ જેવી ઘણી બાબતોની જાણકારી તેમને આ માર્ગદર્શન સેમિનાર દ્વારા મળી હતી.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા સેક્ટર-૨૩ની સરકારી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૨૦

સરકારી શાળાના બાળકોને પ્રોત્સાહિત કરવાનાં ભાગરૂપે આત્મન સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આજ રોજ સેક્ટર - ૨૩ની સરકારી પ્રાથમિક શાળાનાં ધોરણ - ૧ થી ૮નાં વિદ્યાર્થીઓને ચોપડા, નોટબુક, પેન, પેન્સિલ, રબર, શાર્પનર વગેરે સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૭૨ બાળકોને આ લાભ મળ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના સહયોગીઓ ભરતભાઈ કવિ, અશોકભાઈ ત્રિવેદી, રાજેન્દ્રભાઈ સુથાર, પ્રો. અજય રાવલ, જયશ્રીબેન ખેતિયા, પ્રજ્ઞાબેન પટેલ, કિન્નરીબેન ત્રિવેદી, પ્રેમિલાબેન સુથાર વગેરેએ બાળકોને વસ્તુ વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતાં. સાથે જ જ્ઞાનવર્ધક પ્રશ્નોત્તરી પણ કરી હતી અને નિયમિત શાળાએ આવવા, સારી રીતે અભ્યાસ કરવા શીખ આપી હતી.

શાળાના શિક્ષકો ધવલભાઈ પટેલ, હેતલબેન પરમાર, જીજ્ઞાકુમારી પંડ્યા વગેરેએ સરસ સહયોગ આપ્યો હતો. આયોજન કરવામાં આચાર્ય હંસાબેન પટેલે ઉત્સાહથી સહકાર આપ્યો હતો.

# ઓનલાઈન શોપીગમાં હવે રિફેશનાઈઝડ વસ્તુ ખરીદવાનો ક્રેઝ

## રિકોમર્સથી જુના ફેશનેબલ વસ્ત્રો કે વસ્તુ વેચવા અને ખરીદવાનું નવું પ્લેટફોર્મ

ગાંધીનગર, તા.૨૦

સોશિયલ મીડિયાનો વપરાશ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે ઓનલાઈન શોપીંગનો વેગ પણ વધ્યો છે. હાલમાં નવો ટ્રેન્ડ બહાર છે. જે ઈકોમર્સના સાથે રિકોર્મસ તરફ વળ્યો છે. રિકોમર્સ એટલે જુની વસ્તુઓને રિસાઈકલ કરી ઓનલાઈન વહેંચવી-રિફેશનાઈઝ કરવી.

જૂના ફેશનેબલ વસ્ત્રોને સારી સ્થિતિમાં વેચવા અને ખરીદવા માટેના પ્લેટફોર્મની જરૂરિયાતને ધ્યાનમાં લઈ આ રિકોમર્સ અને રિફેશનાઈઝિંગની શરૂઆત થઈ. રિકોમર્સમાં



વસ્તુને ભાડે લઈ શકાય છે કાં તો ખરીદી શકાય છે. આજે દરેક સ્માર્ટલી ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે અને પોતાને ફાયદો થાય અને ગમતી વસ્તુ મળે તે જ તેમને જોઈતું હોય છે. નવા નવા કપડા ખરીદી તેને એક-બે વારથી વધુ પહેરવા ન ગમતા હોય ત્યારે તે આ ઓપ્શનને અપનાવે છે.

૯૯ ડ્રેસિસ, પોશમાર્ક, થ્રેડફિલપ જેવા રિકોમર્સ મોડલ ઓનલાઈન ગ્રાહકોને શોપિંગ કરવામાં મદદ કરે છે તે વેચનારને ખરીદનાર સાથે ડાયરેકટ કનેકટ કરે છે. થોડી ફી લઈ તે બંને પક્ષને એક કિંમત પર વસ્તુ લેવા અને વેચવા સંમત કરે છે. ઓછા બજેટ અને આર્થિક સ્થિતિને પહોંચી વળવા ગ્રાહક આ ઓપ્શન અપનાવી રહ્યા છે. આ રીતે તેમનો વોર્ડરોબ વધુ ભરાતો પણ નથી અને તેમને નવી ફેશનના કપડા પહેરવાની તક મળી જાય છે. બિનજરૂરી પૈસાનો વેડફાટ પણ થતો નથી. લેટેસ્ટ પ્રોડકટ પણ મળી જાય છે. રિયુઝને પ્રોત્સાહન મળે છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે

ગાંધીનગર, તા.૨૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૧૯ સંદર્ભે ચર્ચા પરિષદ યોજાઈ હતી. પરિષદનું ઉદઘાટન સત્રના મુખ્ય અતિથિ કુલપતિ હર્ષદભાઈ પટેલે કર્યું હતું તેમણે જણાવ્યું હતું કે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે ત્યારે આજની આ પરીષદમાં પ્રારંભિક બાળવિકાસ અને શિક્ષણની ચર્ચા અતિ મહત્વની બની રહેશે. સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ જતિનભાઈ સોનીએ બાળકના સર્વાંગી વિકાસમાં શારીરિક સ્વાસ્થ્ય ગર્ભાવસ્થાથી જ અતિ મહત્વપૂર્ણ છે તે બાબત પર ભાર મૂકયો હતો. નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કુલિંગના ચેરમેન ચંદ્રભૂષણ શર્માએ ઉપસ્થિત રહી ચિંતનીય પ્રશ્નો રજુ કર્યા હતા. વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. આર.જે કોઠારીએ પોતાના વકતવ્યમાં બાળગીતો, વાર્તાઓનું બાળવિકાસમાં મહત્વ જણાવ્યું હતું તેમજ ગણિત-વિજ્ઞાનની પાયાની સંકલ્પનાઓ વિશેનો ખ્યાલ સ્પષ્ટ થાય તેવા પ્રયત્નો થાય તે અત્યંત ઈચ્છનીય છે તેવું જણાવ્યું હતું. પરીષદના ઉદઘાટન સત્રની આભારવિધિ કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ કરી હતી જયારે પરિષદનું સંચાલન ડૉ. ધર્માંશુભાઈ વૈદ્યે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. જિજ્ઞેશભાઈએ ફરજ બજાવી હતી.

## @ગાંધીનગર

- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન ખારેકના હિંડોળાના દર્શન યોજાશે.
- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન આંબલીયાની ડાળે હિંડોળાના દર્શન યોજાશે.
- આજે સંસ્કાર ગૃપ દ્વારા સે-૭ બગીચામાં સાંજે ૬.૪૫ થી ૭.૪૫ સુધી બાળકોને શારીરિક રમતો રમાડવામાં આવશે સાથે સાથે ચિંતામુકત આરામ આપવામાં આવશે.

## વિશ્વનું સૌથી લાંબુ તોરણ નિહારવા આમંત્રણ

ગાંધીનગર, તા.૨૦

સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય જીઈબીના આચાર્ય જયંતિભાઈ પટેલે જણાવ્યું છે કે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સેકટર-૨૩માં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ દુનિયાનું સૌથી લાંબુ તોરણ જેની લંબાઈ ૧૦ કિલોમીટર કરતાં વધુ છે તેમાં સાડા સાત હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ અદભૂત તોરણ જોવા માટે જીઈબી કોલોની તેમજ પેથાપુરના રહીશોને જાહેર આમંત્રણ છે.

## ચિરવિદાય

- સ્વ. ભીખુસિંહ માધુસિંહ વાઘેલા, ઉ.વ. ૬૦
- સ્વ. ભૂપતભાઈ નાનજીભાઈ ઠાકોર, ઉ.વ. ૩૦